**22.** ઍન્ટિબાયોટિક શું છે ? બે ઉદાહરણ આપો.

**23.** ખાલી જગ્યા પૂરો :

(a) ન્યૂમોનિયા .......... પ્રકારના રોગનું ઉદાહરણ છે.

(b) ચામડીના ઘણા રોગો .......... દ્વારા ફેલાય છે.

(c) ઍન્ટિબાયોટિક સામાન્ય રીતે .......... ના મહત્ત્વપૂર્ણ જૈવરાસાયણિક માર્ગને બંધ કરી દે છે.

(d) એવા સજીવો કે રોગકારક સૂક્ષ્મ જીવોનું એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી વહન કરે છે તેમને .......... કહે છે.

**24.** નીચે આપેલ રોગોનું લક્ષ્યાંગ જણાવો :

(a) હિપેટાઈટિસ

(b) ચક્કર અથવા બેભાન-અવસ્થા

(c) ન્યૂમોનિયા

(d) ફૂગજન્ય રોગો

**25.** રસીની સૌપ્રથમ શોધ કોણે કરી ? એવા બે રોગોનાં નામ જણાવો જેનો ઉપચાર રસીકરણથી થઈ શકે.

**26.** ખાલી જગ્યા પૂરો :

(a) .......... પ્રકારના રોગ શરીર પર ઘણા દિવસો સુધી સતત અને .......... અસરો દર્શાવે છે.

(b) .......... પ્રકારના રોગ શરીર પર થોડાક દિવસ પૂરતી અને ટૂંકા ગાળાની અસરો દર્શાવે છે.

(c) .......... શબ્દ એ શારીરિક, માનસિક તથા સામાજિક તંદુરસ્તી અને સુખાકારી દર્શાવે છે.

(d) શરદી-ઉધરસ એ .......... રોગ છે.

(e) ચામડીના ઘણા રોગો .......... ને કારણે થાય છે.

**27.** નીચે આપેલ રોગોને ચેપી-બિનચેપીમાં વર્ગીકૃત કરો :

(a) ઍઇડ્ઝ

(b) ટ્યૂબરક્યુલોસિસ (ક્ષય)

(c) કૉલેરા

(d) ઊંચું રુધિર દબાણ

(e) હૃદયરોગ

(f) ન્યૂમોનિયા

(g) કૅન્સર

**28.** સૂક્ષ્મ જીવોના એવા બે વર્ગોનાં નામ લખો. જેમાંથી ઍન્ટિબાયોટિક મેળવી શકાય છે.

**29.** વાહકો દ્વારા ફેલાતાં ત્રણ રોગોનાં નામ લખો.

## દીર્ઘ જવાબી પ્રશ્નો

**30.** કારણ આપો :

(a) સારા સ્વાસ્થ્યની જાળવણી માટે સંતુલિત આહાર લેવો જરૂરી છે.

(b) સજીવના સ્વાસ્થ્યનો આધાર તેની આસપાસની પર્યાવરણીય સ્થિતિ પર નિર્ભર છે.

(c) આપણી આસપાસ પાણી ભરાયેલું ન હોવું જોઈએ.

(d) સામાજિક સુખાકારી અને સારી આર્થિક સ્થિતિ સારા સ્વાસ્થ્ય માટે જરૂરી છે.

**31.** રોગ એટલે શું ? તમે કેટલા પ્રકારના રોગોનો અભ્યાસ કર્યો છે ? ઉદાહરણ આપો.

**32.** રોગનાં લક્ષણો એટલે શું ? કોઈ પણ બે ઉદાહરણ આપી સમજાવો.

**33.** આપણા સ્વાસ્થ્ય માટે રોગ પ્રતિકારક તંત્ર શા માટે જરૂરી છે ?

**34.** ‘‘અગમચેતી ઉપચાર કરતાં શ્રેષ્ઠ છે.’’ - આ વિધાનના સમર્થનમાં તમે કઈ સાવધાની રાખશો ?

**35.** એક જ વિસ્તારમાં રહેવા છતાં કેટલાંક બાળકો અન્ય બાળકોની સરખામણીમાં શા માટે વારંવાર બીમાર પડે છે ?

**36.** ઍન્ટિબાયોટિક એ વાઈરસજન્ય રોગો પર શા માટે અસરકારક નથી ?

**37.** કોઈ ચેપી સૂક્ષ્મ જીવથી ચેપગ્રસ્ત થવું અથવા તેનાથી પ્રભાવિત થવું એનો અર્થ રોગગ્રસ્ત થવું એવો નથી. - વિધાન સમજાવો.

**38.** વ્યક્તિના સારા સ્વાસ્થ્ય માટે જરૂરી ચાર બાબતો જણાવો.

**39.** ઍઈડ્ઝને રોગ તરીકે ન ગણતાં સિન્ડ્રોમ (રોગોનાં લક્ષણોના સમૂહ) તરીકે શા માટે ગણવામાં આવે છે ?

# પ્રકરણ 14

# નૈસર્ગિક સ્રોતો

## બહુવિકલ્પી પ્રશ્નો

**1.** પૃથ્વીનું વાતાવરણ જે વિકિરણો દ્વારા ગરમ થાય છે. તેમાં મુખ્ય પરિબળ...

(a) સૂર્યમાંથી આવતાં વિકિરણો

(b) પૃથ્વીની સપાટી પરથી પાછા ફેંકાતાં (પરાવર્તિત) વિકિરણો

(c) પાણી પરથી પરાવર્તિત થતાં વિકિરણો

(d) પાણી તથા જમીન પરથી પરાવર્તિત થતાં વિકિરણો

**2.** જો પૃથ્વીની ફરતે વાતાવરણ ન હોત તો પૃથ્વીનું તાપમાન...

(a) વધે.

(b) ઘટે.

(c) દિવસે વધે, રાત્રિમાં ઘટે.

(d) કોઈ ફેરફાર ન થાય.

**3.** જો વાતાવરણમાં રહેલો ઑક્સિજન, ઑઝોનમાં રૂપાંતરિત થઈ જાય તો...

(a) આપણી સલામતી વધી જાય.

(b) તે ઝેરી બની જશે અને જીવસૃષ્ટિને નષ્ટ કરશે.

(c) ઑઝોન સ્થાયી નથી, જેથી તે ઝેરી બનશે.

(d) તે હાનિકારક સૂર્યનાં વિકિરણોને પૃથ્વી પર પહોંચાડશે અને ઘણીબધી જીવસૃષ્ટિનો નાશ કરશે.

**4.** નીચેનામાંથી કયું પરિબળ કુદરતમાં ભૂમિનિર્માણની પ્રક્રિયામાં કોઈ ભાગ ભજવતું નથી ?

(a) સૂર્ય

(b) પાણી

(c) પવન

(d) પૉલિથીન બૅગ

**5.** વાતાવરણમાં મળતાં ઑક્સિજનનાં બે રૂપો કયાં છે ?

(a) પાણી તથા ઑઝોન

(b) પાણી તથા ઑક્સિજન વાયુ

(c) ઑઝોન તથા ઑક્સિજન વાયુ

(d) પાણી તથા કાર્બન ડાયૉક્સાઇડ